**મહેસાણાની શ્રમ અદાલતના ન્યાયાધીશશ્રી એ.એન.તલસાણીયા સાહેબ, મુ.મહેસાણા.**

બી.આઈ.આર. અરજી નંબર. ૧૪૪/૨૦૦૮

(જુનો નં. ૨૩/૨૦૦૬)

શશીકાંત જયંતીલાલ મોદી,

ભુદરજીનો માઢ, ૧ ટાવર, કંસારા બજાર, વિસનગર. અરજદાર

// વિરૂધ્ધ //

મેનેજરશ્રી/વહીવટદારશ્રી,

ધી સર્વોદય નાગરીક સહકારી બેંક લી. પટેલ માર્કેટ, વિસનગર. સામાવાળા

<u>પ્રતિનિધિત્વઃ</u>–

અરજદાર તરફે – શ્રી એસ.સી.ભાટીયા, યુનિયન પ્રતિનિધિ.

સામાવાળા તરફે – શ્રી એમ.સી.મોદી, એડવોકેટ.

**// આંક–૧૯ હેઠળ હુકમ //**

(૧) આ કામના અરજદારે સદરહુ આંક–૧૯ થી અરજી રજુ કરી, આ કામમાં ફડચા અધિકારીશ્રીને સામાવાળા નં.૨ પક્ષકાર તરીકે જોડવામાં આવે તેવી માંગણી કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા બેંકમાં ઘણા વર્ષોથી ફરજ બજાવતાં હતા. અરજદારને કેટલીક બાબતો અંગે ઉપલી અધિકારી સાથે અણબનાવ બનતાં અરજદારને કામ પર જતા રોકવામાં આવેલ અને ફરજ પર હાજર કરવામાં આવતા ન હતા. તેથી અરજદારે નિયમ મુજબ વિનંતીપત્ર આપેલ તેનો જવાબ સામાવાળાએ ન આપતાં તા.૧૨/૬/૦૬ ના રોજ હાલની અરજી દાખલ કરી કામ પર હાજર કરવામાં આવે તે બાબતની દાદ માંગેલ છે. નામ.કોર્ટ સમક્ષ અરજ કર્યા બાદ સામાવાળા સંસ્થામાં વહીવટદાર નિમાયેલ અને ત્યારબાદ ફડચા અધિકારીશ્રીની નિમણુંક થયેલ તે હકીકત સામાવાળાએ તેમના બચાવનામામાં કબુલી છે. સામાવાળા સંસ્થામાં વહીવટદાર નિમાયેલ ત્યારબાદ ફડચા અધિકારીશ્રીની નિમણુંક થયેલ હોઈ, ફડચા અધિકારીશ્રીને સામાવાળા નં.૨ તરીકે જોડવાનો હુકમ કરવામાં આવે તેવી અરજ ગુજારેલ છે.

અરજદારે આ અરજી સાથે આંક–૨૦ થી સોગંદનામુ કરેલ છે.

(૨) સદર અરજી દાખલ થતાં, સુચિત પક્ષકારને આ કામમાં સામાવાળા નં.૨ પક્ષકાર તરીકે શા માટે ન

જોડવા? તે અંગે કારણદર્શક નોટીસ આંક–૨૧ થી કાઢવામાં આવેલી છે જે સુચિત પક્ષકારને બજી ગયેલ હોવાનું આંક–૨૨ પોસ્ટલ એકનોલેજમેન્ટ પરથી સ્પષ્ટ થાય છે. પછી મુદતમાં સામાવાળા તરફથી જવાબ રજુ ન થતાં આંક–૨૩ ની અરજી અન્વયે સામાવાળાનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આ અરજી પરત્વે અરજદારની દલીલ/રજુઆતો સાંભળવામાં આવેલ. જયારે સામાવાળા તરફે હાજર થઈ રજુઆત ન થતાં તેમની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે અને હુકમ પર રાખવામાં આવેલ છે.

અરજદારની હાલની અરજી પરત્વે શો હુકમ થઈ શકે તે બાબતે જોઈએ તો, અરજદારે મુળ કેસ બી.આઈ.આર.એકટની કલમ–૭૮,૭૯ હેઠળ દાખલ કરી, મુળજગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત સામાવાળા કરે તેવી દાદ માંગેલ છે.

સામાવાળાએ અરજદારની મુળ આંક–૧ ની અરજી વિરૂદ્ધ આંક–૧૪ થી લેખિત જવાબ રજુ કરેલ છે તેમાં તા.૩/૧/૨૦૦૪ થી બેંકનું કામકાજ સ્થગિત કરવામાં આવેલ હોવાની, તા.૩/૬/૨૦૦૪ થી તા.૬/૨/૨૦૦૭ બેંકનો વહીવટ, વહીવટદારશ્રીના હાથમાં આવી ગયેલ હોવાની તથા તા.૬/૨/૨૦૦૭ થી બેંક ફડચામાં જતાં ફડચા અધિકારીશ્રીની નિમણુંક થઈ હોવાની હકીકતો જણાવેલ છે. આમ, સામાવાળા બેંક ફડચામાં ગયેલ છે અને  ફડચા અધિકારીશ્રીની નિમણુંક સામાવાળા બેંકમાં થયેલ છે. અરજદારે આ કામમાં સામાવાળા તરીકે વહીવટદારશ્રીને પક્ષકાર તરીકે જોડેલા છે. સામાવાળા બેંક ધી સર્વોદય નાગરીક સહકારી બેંક લી. તે એક સહકારી બેંક છે જેથી તેને ગુજરાત કો–ઓપરેટીવ સોસાયટીઝ એકટની જોગવાઈઓ લાગુ પડે છે. કો.ઓપ. સોસાયટીઝ એકટની કલમ–૧૧૨ માં લીકવીડેશન સંબંધમાં આ મુજબ જોગવાઈ થયેલ છે.

"૧૧૨. આટોપી લેવાની અને વિસર્જનની બાબતમાં દાવો કરવાનો બાધ –

આ અધિનિયમમાં સ્પષ્ટરીતે ઠરાવ્યું ન હોય તો, દીવાની કોર્ટે, આ અધિનિયમ હેઠળ કોઈ મંડળી આટોપી લેવા અથવા તેનું વિસર્જન કરવા સાથે સંબંધ ધરાવતી કોઈ બાબત વિચારણામાં લેશે નહી અને આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે, રજિસ્ટ્રારની રજા સિવાય અને તે નાંખે તેવી શરતોને આધીન હોય તે સિવાય, મંડળી અથવા લિકવિડેટર, વિરૂદ્ધ કોઈ દાવો અથવા બીજી કાનુની કાર્યવાહી કરી શકાશે નહી અથવા આગળ ચલાવી શકાશે નહી.

પરંતુ આટોપી લેવાનો હુકમ રદ કરવામાં આવે ત્યારે, આ કલમની જોગવાઈઓ, જેના ઉપર દાવો માંડવાનો હોય તેવી મંડળી અને તેના સભ્યોની જવાબદારી સાથે સંબંધ ધરાવતી હોય તેટલે સુધી અમલમાં હોતી બંધ થશે, પણ તે જોગવાઈઓ જે વ્યકિત લિકવિડેટર તરીકે કામ કર્યુ હોય તેને લાગુ પડતી ચાલુ

રહેશે."

આ જોગવાઈ ધ્યાનમાં લેતાં સ્પષ્ટ થાય છે કે જયારે લીકવીડેશનમાં લઈ જવાનો હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે રજીસ્ટ્રારની રજા સિવાય અને તેમના દ્વારા મુકવામાં આવે તે શરતોને આધીન હોય તે સિવાય મંડળી અથવા લીકવીડેટરશ્રી વિરૂદ્ધ કોઈ દાવો અથવા અન્ય બીજી કાનુની કાર્યવાહી કરી શકાય નહી અથવા આગળ ચલાવી શકાય નહી.

પ્રસ્તુત કેસમાં અરજદારે સામાવાળા બેન્કના વહીવટદારશ્રીને ઉદ્દેશીને વિનંતી પત્ર પાઠવી હાલનો કેસ દાખલ કરેલ છે. ત્યારબાદ સામાવાળાએ લેખિત જવાબ રજુ કરી  ફડચા અધિકારીશ્રીની નિમણુંક થઈ ગઈ હોવાની રજુઆત કરતાં તેના અનુસંધાને અરજદારે ફડચા અધિકારીશ્રીને સામાવાળા નં.૨ પક્ષકાર તરીકે જોડવા હાલની અરજીથી માંગણી કરેલ છે. આમ, સામાવાળા બેંક લીકવીડેશનમાં ગયેલ છે તે બાબતમાં પક્ષકારો વચ્ચે વિવાદ નથી. સામાવાળા કો–ઓપરેટીવ બેંક છે અને કો.ઓપ.સોસાયટીઝ એકટ હેઠળ નિયંત્રિત હોવાથી કલમ–૧૧૨ અન્વયે રજીસ્ટ્રારશ્રીની પરવાનગી મેળવ્યા પછી જ લીકવીડેટરશ્રી વિરૂદ્ધ દાવો દાખલ કરી આગળ ચલાવી શકાય છે. અરજદારે લીકવીડેટરશ્રીને પક્ષકાર તરીકે જોડવા માટેની હાલની અરજી કરતાં અગાઉ રજીસ્ટ્રારશ્રીની પરવાનગી મેળવી હતી તેવી અરજદારની રજુઆત નથી. તેમજ આવો કોઈ પુરાવો પણ આ કામમાં રેકર્ડ પર આવેલ નથી. સહકારી સંસ્થા લીકવીડેશનમાં ગયેલ હોય ત્યારે આવી સંસ્થા સામે કેસ દાખલ કરવા અથવા આગલ ચલાવવા બાબતમાં ગુજરાત કો.ઓ.સોસાયટીઝ એકટની કલમ–૧૧૨ મુજબ રજીસ્ટ્રારશ્રીની પરવાનગી મેળવવી આવશ્યક છે તેવું અત્રેની અદાલતે અગાઉ એક કેસમાં ઠરાવેલ છે.

સદર બાબતે મારા ધ્યાન ઉપર સ્પે.સી.એ. નં.૫૧૬૦/૨૦૧૦, ધી બેન્ક કામદાર સંઘ, સુરત વિ. ધી રજીસ્ટ્રાર અને એક નો ચુકાદો આવેલ છે.

આ કેસમાં સંબંધિત શ્રમયોગીના યુનિયન દ્વારા વિવાદ ઉપસ્થિત કર્યા પછી બેંક ફડચામાં ગઈ હતી. તેથી નામ. ઔધોગિક અદાલતે રજીસ્ટ્રારશ્રીની પરવાનગી મેળવવામાં આવે ત્યાં સુધી પ્રોસીંડીગ્સ સ્ટે કરતો હુકમ કરેલો. શ્રમયોગીના યુનિયન દ્વારા રજીસ્ટ્રારશ્રી સમક્ષ પરવાનગી માંગતી અરજી કરવામાં આવેલ, તે અરજી રજીસ્ટ્રારશ્રી દ્વારા નામંજુર કરવામાં આવેલ, પછી શ્રમયોગીના યુનિયન દ્વારા નામ.વડી અદાલતમાં સ્પેશ્યલ સી.એ. દાખલ કરવામાં આવેલ જેમાં ના.વડી અદાલતે  કો.ઓ.સોસાયટીઝ એકટની કલમ–૧૧૨ ની જોગવાઈ મુજબ પરવાનગી મેળવવી જરૂરી છે અને આ સંદર્ભમાં રજીસ્ટ્રારશ્રી દ્વારા પરવાનગી ન આપવાનો હુકમ કરેલ છે તે ભુલભરેલો છે તેમ ઠરાવી પરવાનગી આપવા હુકમ કરેલ. આ ચુકાદામાં નામ.વડી અદાલતે નામ.ઈન્ડસ્ટ્રીયલ કોર્ટનો પ્રોસીડીંગ્સ સ્ટે કરવાનો હુકમ ખોટો છે તેવું ઠરાવેલ નથી. તેમજ કલમ–

૧૧૨ ની જોગવાઈ ધ્યાનમાં લઈ તે અનુસાર રજીસ્ટ્રારશ્રીએ પરવાનગી આપવી જોઈએ તેવું અવલોકન કરેલ છે.

આ સામાવાળા બેન્ક ફડચામાં ગયેલ છે તેમજ  કો.ઓ.સોસાયટીઝ એકટની કલમ–૧૧૨ મુજબ રજીસ્ટ્રારશ્રીની પરવાનગી લીકવીડેટરશ્રી વિરુદ્ધ દાવો દાખલ કરતાં/આગળ ચલાવતા પહેલા આવશ્યક છે અને આવી પરવાનગી અરજદારે મેળવેલ હોવાની અરજદારની રજુઆત નથી તે સંજોગોમાં લીકવીડેટરશ્રીને પક્ષકાર તરીકે જોડી શકાય નહીં તેવું મારૂ નમ્રપણે માનવું છે.

ઉપરોકત હકીકત અને સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુ ક મ ઃ–**

(૧) અરજદારની સદરહુ આંક–૧૯ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) હુકમ આજરોજ જાહેર કર્યો.

સ્થળઃ મહેસાણા.
તા. ૫/૩/૨૦૧૯

(અજયકુમાર નટવરલાલ તલસાણીયા)
GJ00790
ન્યાયાધીશ
શ્રમ અદાલત, મહેસાણા.